રાજ્યમાં તમામ કક્ષાના વીજ ગ્રાહકોને વીજ જોડાણની સુવિધા મળી રહે તે હેતુથી વિજ બીલના બાકી લ્હેણાં માટે એક વખતની રાહતના પગલાં તરીકે "માફી યોજના"(Amnesty Scheme) જાહેર કરવા બાબત......

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક જીયુવી-૧૦-૨૦૧૦-૩૫૯૬-ક-૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ: 29 MAR 2012

પ્રસ્તાવના:

ગુજરાતમાં જ્યોતિગ્રામ યોજનાના સફળ અમલીકરણ બાદ તમામ કક્ષાના વિજ ગ્રાહકોને સતત થ્રી ફેઈઝ વીજ પુરવઠો ૨૪ કલાક પુરો પાડવામાં આવે છે અને કૃષિ ક્ષેત્રે પણ ગુણવતાયુકત વિજ પુરવઠો મળતો થયો છે.

હાલમાં રાજ્યની ચારે ય વીજ વિતરણ કંપનીઓ દ્વારા બાકી લ્હેણાંની વસુલાત માટે સમગ્ર રાજ્યની વિવિધ અદાલતોમાં દાખલ કરાયેલ દિવાની દાવાઓ હજુ પણ પડતર રહેલ છે. આ ઉપરાંત કેન્દ્રીય વીજ અધિનિયમ ,2003 અમલમાં આવતાં આ કાયદાની કલમ ૧૩૫ હેઠળ નોંધાયેલ વીજ ચોરીના કેસો ખાસ અદાલતોમાં પડતર છે આવા કેસો પડતર રહેવાના કારણે એક બાજુ સંબંધિત વ્યક્તિઓ વીજ જોડાણ મેળવી શકતી નથી જ્યારે બીજી બાજુ , આ કાનુની દાવાઓ પાછળ ઘણી મોટી રકમનો ખર્ચ અને કર્મચારીગણનું રોકાણ હોવા છતાં બાકી લ્હેણાંની રકમ ઘણા સમય સુધી વસુલ થઈ શકતી નથી.

રાજ્યના ઘણા પ્રજાજનો વિજ બીલના નાણાં બાકી રહેવાના કારણે કે અન્ય કારણોસર વીજ જોડાણથી વંચિત રહેલ છે. રાજ્ય સરકારનો ઉદ્દેશ્ય છે કે રાજ્યના તમામ પ્રજાજનોને વિજ સુવિધા પ્રાપ્ત થાય (Power to all) તેમ જ વીજ વિતરણ કંપનીઓ તેમની બાકી વીજ બિલની રકમ ઝડપથી વસુલ કરી શકે તે હેતુથી દરેક વ્યક્તિને વીજ જોડાણ પુરું પાડવા એક વખતની રાહતના પગલાં તરીકે "માફી યોજના" જાહેર કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

## ઠ રા વ:

આથી રાજ્ય સરકાર પુખ્ત વિચારણાના અંતે રાજ્યમાં પ્રજાજનો કે જેઓ વિજ બીલની બાકી રકમને કારણે વિજ જોડાણથી વંચિત છે તેઓને વીજ જોડાણની સુવિધા મળી રહે તે હેતુથી તેમ જ વીજ વિતરણ કંપનીઓ તેમની બાકી વીજ બિલની રકમ ઝડપથી વસુલ કરી શકે તે હેતુથી એક વખતની રાહતના પગલાં તરીકે **"માફી યોજના" (Amnesty Scheme)** જાહેર કરવાનું ઠરાવે છે.

આ યોજના હેઠળ કાયમી ધોરણે વીજ જોડાણ કપાયેલ ગ્રાહકોના કેસો, વીજ અધિનિયમ - ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ ફકત પ્રથમ વખત વીજ ચોરીના ગુના માટે કાયમી ધોરણે કપાયેલ વીજ જોડાણો, અને બિનગ્રાહકો, પડતર દિવાની દાવાઓ, અને મુદત બહારના કેસો આ યોજના હેઠળ આવરી લેવાયેલ છે. આ યોજના તારીખ ૦૧-૦૪-૨૦૧૨થી લાગુ પાડવામાં આવશે

**આ યોજના હેઠળ વિવિધ પ્રકારના વિજ જોડાણો માટે નીચે મુજબની રકમ માફ કરવામાં આવશે:**

### (૧) <u>રહેણાંક હેતુ માટેના વિજ જોડાણો</u>:

(અ) બીપીએલ (ગરીબી રેખા નીચેના) વીજ ગ્રાહકો :

- બાકી વીજ વીજ બીલની પૂરેપૂરી ૧૦૦% મૂળ રકમ ઉપરાંત વિલંબિત ચાર્જ અને વ્યાજની પૂરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.

(બ) બીપીએલ સિવાયના વિજ ગ્રાહકો:

- જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા ૫૦૦૦/- સુધીની હશે તો વીજ બીલની પૂરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે તે ઉપરાંત વિલંબિત ચાર્જ અને વ્યાજની પૂરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.
- જો વીજ બિલ ની બાકી મૂળ રકમ રૂપિયા ૫૦૦૧/- થી રૂપિયા ૧૦,૦૦૦/-સુધીની હશે તો મૂળ રકમના ૮૦% રકમ માફ કરવામાં આવશે. તે ઉપરાંત વિલંબિત ચાર્જ અને વ્યાજની પૂરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.

* જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂ.૧૦,૦૦૧/- થી રૂપિયા ૧,૦૦,૦૦૦/-સુધી હશે તો વીજ બીલની મૂળ રકમના ૬૫% રકમ માફ કરવામાં આવશે. તે ઉપરાંત વિલંબિત ચાર્જ અને વ્યાજની પૂરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.

* જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂ.૧,૦૦,૦૦૧/- થી રૂપિયા ૫૦,૦૦,૦૦૦/-સુધી હશે તો વીજ બીલની મૂળ રકમના ૬૦% રકમ માફ કરવામાં આવશે. તે ઉપરાંત વિલંબિત ચાર્જ અને વ્યાજની પૂરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.

* જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા ૫૦,૦૦,૦૦૧/-થી રૂ. ૧,૦૦,૦૦,૦૦૦/- (રૂપિયા એક કરોડ) સુધી હશે તો વીજ બીલની મૂળ રકમના ૫૦% રકમ માફ કરવામાં આવશે. તે ઉપરાંત વિલંબિત ચાર્જ અને વ્યાજની પૂરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.

(૨) વાણિજ્યિક હેતુના વિજ જોડાણો:

* જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા ૫૦૦૦/- સુધીની હશે તો વીજ વીજ બીલની પૂરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે તે ઉપરાંત વિલંબિત ચાર્જ અને વ્યાજની પૂરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.

* જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા ૫૦૦૧/- થી રૂપિયા ૧૦,૦૦૦/-સુધીની હશે તો મૂળ રકમના ૮૦% રકમ માફ કરવામાં આવશે. તે ઉપરાંત વિલંબિત ચાર્જ અને વ્યાજની પૂરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.

* જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂ.૧૦,૦૦૧/- થી રૂપિયા ૧,૦૦,૦૦૦/-સુધી હશે તો વીજ બીલની મૂળ રકમના ૬૫% રકમ માફ કરવામાં આવશે. તે ઉપરાંત વિલંબિત ચાર્જ અને વ્યાજની પૂરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.

* જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂ. ૧,૦૦,૦૦૧/- થી રૂપિયા ૫૦,૦૦,૦૦૦/-સુધી હશે તો વીજ બીલની મૂળ રકમના ૬૦% રકમ માફ કરવામાં આવશે. તે ઉપરાંત વિલંબિત ચાર્જ અને વ્યાજની પૂરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.

- જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા ૫૦,૦૦,૦૦૧/-થી રૂ. ૧,૦૦,૦૦,૦૦૦/- (રૂપિયા એક કરોડ) સુધી હશે તો વીજ બીલની મૂળ રકમના ૫૦% રકમ માફ કરવામાં આવશે. તે ઉપરાંત વિલંબિત ચાર્જ અને વ્યાજની પૂરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.

## (3) ઔદ્યોગિક હેતુના વિજ જોડાણો:

- જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂ.૧.૦૦ કરોડ સુધીની હોય તો બીલની મૂળ રકમમાં કોઇ માફી મળવાપાત્ર નથી.પરંતુ વિલંબિત ચાર્જ અને વ્યાજની પૂરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.

## (૪) કૃષિ વિષયક હેતુના વિજ જોડાણો:

- જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા ૫૦૦૦/- સુધીની હશે તો વીજ વીજ બીલની પૂરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે તે ઉપરાંત વિલંબિત ચાર્જ અને વ્યાજની પૂરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.
- જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂપિયા ૫૦૦૧/- થી રૂપિયા ૧૦,૦૦૦/-સુધીની હશે તો મૂળ રકમના ૮૫% રકમ માફ કરવામાં આવશે. તે ઉપરાંત વિલંબિત ચાર્જ અને વ્યાજની પૂરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.
- જો વીજ બીલની બાકી મૂળ રકમ રૂ.૧૦,૦૦૧/- કે તેથી વધુ હોય તો મૂળ રકમના ૭૦% રકમ માફ કરવામાં આવશે. પરંતુ કિસાનોએ ભરવાપાત્ર મહત્તમ રકમ રૂપિયા ૫૦૦૦/- જ રહેશે.તે ઉપરાંત વિલંબિત ચાર્જ અને વ્યાજની પૂરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.
- આમ કિસાનોને પુનઃ વિજ જોડાણ મેળવવા માટે ભરપાઈ કરવાની વધુમાં વધુ રકમ માત્ર રૂપિયા ૫૦૦૦/- જ રહેશે.

## (૫) વોટર વર્કસના હેતુ માટેના વિજ જોડાણો:

### (અ) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા દ્વારા સંચાલિત:

- વીજ બીલની મૂળ રકમના ૭૫% રકમ માફ કરવામાં આવશે. તે ઉપરાંત વિલંબિત ચાર્જ અને વ્યાજની પૂરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.

(બ) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા સિવાય અન્ય દ્વારા સંચાલિત:

- વીજ બીલની મૂળ રકમના ૨૫% રકમ માફ કરવામાં આવશે તે ઉપરાંત વિલંબિત ચાર્જ અને વ્યાજની પૂરેપૂરી ૧૦૦% રકમ માફ કરવામાં આવશે.

## આ યોજનાના અમલીકરણથી પ્રજાજનોને નીચે પ્રમાણેના લાભ થશે:

- આ યોજના હેઠળ બાકી વીજ બીલની પૂરેપૂરી રકમ નહીં પરંતુ અંશતઃ રકમ ભરી જવાબદારીમાંથી મુક્તિ મળશે.
- પ્રજાજનોને પોતાના નામે વીજ જોડાણ મળશે.
- પ્રજાજનોને વકીલની ફી નહીં ભરવી પડે તથા કોર્ટ કેસની સુનાવણીમાં હાજર રહેવાનું થશે નહીં.
- કોર્ટમાં કરવામાં આવેલ દિવાની દાવાઓ પાછા ખેંચી લેવામાં આવશે.
- કાયદાકીય કાર્યવાહીમાંથી મુક્તિ મળતાં પ્રજાજનો માનસિક રાહત અનુભવશે.

  કિસાનોને તેમનું વીજ જોડાણ પુનઃ સ્થાપિત થવાથી ખેત ઉત્પાદનમાં વધારો થશે અને તેમની આવક વધતાં તેમનું જીવન ધોરણ સુધરશે.

## <u>યોજનાના અમલીકરણ માટેની શરતો નીચે મુજબની રહેશે</u> :

૧. આ યોજનાનો વ્યાપક પ્રમાણમાં પ્રજાજનો દ્વારા લાભ લેવાય તે હેતુથી સંબંધિત વીજ કંપનીએ તેમના વિસ્તારના બહોળી પ્રસિદ્ધિ ધરાવતા ગુજરાતી દૈનિક પત્રોમાં યોજનાની જાહેરાત કરવાની રહેશે.

૨.. આ યોજના તારીખ ૩૧-૧૨-૨૦૧૧ સુધીના કેસોને લાગુ પડશે.

૩. આ યોજના તારીખ ૦૧-૦૪-૨૦૧૨થી તારીખ ૩૦-૦૯-૨૦૧૨ સુધી અમલમાં રહેશે.

૪. આ યોજના તમામ કક્ષાના વીજ ગ્રાહકો/ બિન ગ્રાહકો કે જેમના વીજ જોડાણો કાયમી ધોરણે કપાયેલ છે અને જેમની વીજ બીલની બાકી રકમ રૂપિયા ૧.૦૦ કરોડ સુધીની છે તેમને લાગુ પડશે.

૫. વીજ ગ્રાહક/ બિન ગ્રાહકે આ યોજના હેઠળની ભરવાપાત્ર રકમ તાત્કાલિક ભરવાની રહેશે અથવા વીજ વિતરણ કંપની દ્વારા રચવામાં આવેલ સમિતિને વ્યાજબી લાગશે તેવા કેસોમાં મંજુરી આપ્યા બાદ વીજ ગ્રાહકે માસિક કુલ ૬(છ) સરખા હપ્તામાં ભરવાની રહેશે.

૬. આ માફી યોજના હેઠળ વીજ ગ્રાહક / બિન ગ્રાહકને એક સમયની ચૂકવણીનીથતી નિયત રકમની ચૂકવણી કર્યેથી, વિલંબિત ચૂકવણી ચાર્જ, તે ઉપરનું વ્યાજ અને વીજ બીલની બાકીની મૂળ રકમ ની માફી મળી શકશે.

૭. આ "માફી યોજના" નો લાભ લેવાની ઇચ્છા ધરાવતા હોય તેવા પાત્રતા ધરાવતા નીચા દબાણના ગ્રાહકોએ સંબંધિત પેટા વિભાગીય કચેરીમાં અને ભારે દબાણના ગ્રાહકોએ સંબંધિત વિભાગીય કચેરીમાં નિયત પત્રક જે સંબંધિત વિજ વિતરણ કંપની દ્વારા પુરૂં પાડવામાં આવશે તે મુજબ અરજી કરવાની રહેશે. જે ગ્રાહકોની પૂરેપૂરી રકમ માફ કરવાની થતી હશે તેમણે અરજી કરવાની જરૂર રહેશે નહીં. આમ છતાં, જો ગ્રાહક ઈચ્છશે તો સંબંધિત વીજ કંપની આવા વીજ ગ્રાહકને તેમની બાકી વીજ બીલની રકમ માફ કરેલ છે તેવી જાણ કરશે , અને તેઓ વીજ કંપનીના ધારા ધોરણ મુજબ જરૂરી રકમ ભરીને નવું વીજ કનેકશન લઈ શકશે.

૮. આ યોજના હેઠળ સંબંધિત ગ્રાહક/ બિન ગ્રાહકને લાગુ પડતી પેટા વિભાગીય / વિભાગીય કચેરી દ્વારા અરજી મળ્યા તારીખથી ૧૦ દિવસમાં ગ્રાહકે ભરવાની થતી રકમ પત્રથી જાણ કરવામાં આવશે. નિયત સમય મર્યાદામાં કોઈ વ્યક્તિ આવો પત્ર ન મળે તો તેઓએ સંબંધિત કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

૯. ચેકથી રકમની ચૂકવણીના કિસ્સામાં બેન્કની સ્થાનિક શાખાનો જ ચેક સ્વીકારવામાં આવશે. ચેકની સ્વીકૃતીની તારીખને નાણાં મળ્યાની તારીખ ગણવામાં આવશે. જે ચૂકવણીની છેલ્લી તારીખ સુધીની હોવી જોઈશે.

૧૦ ચેકના અસ્વીકારના કિસ્સામાં સંબંધિત ગ્રાહક/ બિન ગ્રાહકે આ યોજનામાં ભાગ લીધેલ નથી તેમ માનવામાં આવશે અને સંબંધિત ગ્રાહક સામેનો વીજ વિતરણ કંપનીનો લ્હેણી રકમ અંગેનો અસલ દાવો યથાવત રહેશે.

૧૧. કપાયેલ વીજ જોડાણ વાળા ગ્રાહક તેમનું વીજ જોડાણ પુનઃ સ્થાપિત કરાવવા ઈચ્છતા હોય અથવા નવું વીજ જોડાણ મેળવવા ઈચ્છતા હોય તો તે અંગેની સામાન્ય પ્રક્રિયા અને દરો લાગુ પડશે.

૧૨. આ રાહત યોજનાનો સ્વીકાર કરનાર ગ્રાહક/ બિન ગ્રાહક દ્વારા યોજના અંતર્ગત નિયત થયેલ રકમનું ચૂકવણું કરાતાં વીજ વિતરણ કંપની દ્વારા તેઓ સામે કરાયેલ કેસો પાછા ખેંચી લેવામાં આવશે. જે અંગે સંબંધિત ગ્રાહક / બિનગ્રાહકએ વીજ વિતરણ કંપનીને સંપૂર્ણ સાથ અને સહકાર આપવાનો રહેશે.

૧૩. ગ્રાહક / બિન ગ્રાહકે વીજ વિતરણ કંપની સામે કરેલ કેસો કોર્ટમાં પડતર હોય તેવા કિસામાં સંબંધિત વીજ ગ્રાહક / બિન ગ્રાહકે વીજ વિતરણ કંપની દ્વારા માફી યોજના અંતર્ગત તેમની અરજી સ્વીકારવામાં આવશે તો તેઓ તુરત જ વીજ વિતરણ કંપની સામેનો તેમનો કેસ પાછો ખેંચી લેશે તેવું રૂ.૧૦૦/-ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર નોટરી પાસે નોંધાયેલ કબૂલાતનામું આપવાનું રહેશે અને આ યોજનાનો લાભ મેળવતા પહેલાં સંબંધિત વીજ ગ્રાહક / બિન ગ્રાહકે વીજ વિતરણ કંપની સામેના કેસો પરત ખેંચી લેવાના રહેશે.

૧૪. ભૂતકાળમાં આખરી થઈ ગયેલ કોઈ કેસ આ યોજના હેઠળ ની સમીક્ષા થઈ શકશે નહીં આ યોજના માત્ર આગામી સમયથી જ લાગુ પડશે.

૧૫. કોઈ કિસ્સામાં આ યોજના હેઠળ રાહત મેળવવા અંગેની પાત્રતા કે અન્ય બાબત અંગે સંબંધિત વીજ વિતરણ કંપનીના વહિવટી સંચાલકનો નિર્ણય આખરી રહેશે જે ગ્રાહકો/ બિન ગ્રાહકોને બંધનકર્તા રહેશે.

૧૬.. આ યોજનાના અમલીકરણના ભાગ રૂપે, વીજ ગ્રાહક પાસેથી બાકી વીજ બિલ પેટે જે રકમગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી / વીજ વિતરણ કંપનીને મળશે,તેમાંથી રાજ્ય સરકારે વસુલ લેવાપત્ર થતી વીજકરની પ્રમાણસર રકમ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી એ રાજ્ય સરકારમાં ભરવાની થશે.

૧૭. આ યોજનાના સફળતાપૂર્વકના અમલીકરણ માટે સંબંધિત વીજ કંપનીને મળેલ કુલ આવકના ૧૦% જેટલી રકમ, પ્રોત્સાહક ઈનામ તરીકે, સંબંધિત વીજ વિતરણ કંપનીના

તમામ કર્મચારીઓને (૫% રકમ સંબંધિત પેટા વિભાગીય કચેરી તથા ૫% રકમ સંબંધિત વીજ કંપનીના કર્મચારીઓ)ને આપવાની રહેશે.

૧૮. આ યોજનાના અમલીકરણ માટે રાજ્ય સરકાર તરફથી કોઈ જ નાણાકીય સહાય આપવામાં આવશે નહીં. માંડવાળ કરવાની રકમ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી તથા સંલગ્ન વિજ કંપનીઓએ તેમના હિસાબો (**Books of Accounts**) માં માંડવાળ કરવાની રહેશે.

આ ઠરાવ નાણાં વિભાગની તારીખ ૦૫-૦૩-૨૦૧૨ની નોંધથી આ વિભાગની સમાન ક્રમાંકવાળી ફાઈલ ઉપર આપેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.એફ.ગાંધર્વ)
નાયબ સચિવ
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રા.ક.મંત્રીશ્રી(ઊર્જા), સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- સચિવશ્રી, ગુજરાત વીજ નિયમન આયોગ, અમદાવાદ
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી વડોદરા
- મેનેજીંગ ડીરેકટરશ્રી , દક્ષિણ ગુજરાત વીજ કંપની લી,સુરત / પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી, રાજકોટ/ મધ્ય ગુજરાત વીજ કંપની લી, વડોદરા / ઉત્તર ગુજરાત વીજ કંપની લી, મહેસાણા
- નાણાં સલાહકારશ્રી(ઊર્જા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય વિદ્યુત નિરિક્ષકશ્રી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, 'ક' શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, 'બ' શાખા, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પસંદગી ફાઈલ